

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પહેલાં સેના માત્ર કામ જ કરતી, બોલતી નહીં!*
*કરતી બળનું પ્રદર્શન, ફીફાં ફોલતી નહીં.*
*ખોલતી નહીં છાનાં જૂનાં રહસ્યો બંધમુઠ્ઠીનાં -*
*નેતાને રવાડે ચડી નિવેદનો છોલતી નહીં!!*
*(સેનાપતિઓનાં રાજકીય નિવેદનો)*

હાઈકુ

*શિક્ષક તો છે*
*હથુકું હથિયાર -*
*લગાડો કામે...*
*(હવે એઠવાડ ઉપાડો!)*

*ટાઢ માં પણ -*
*લ્યો ! અપાવી તો દીધો !*
*નંબર વન...*
*(આંકડાકીય પ્રગતિ)*

### ચિંતન

**નાસ્તિ સત્યસમો ધર્મો ન સત્યાદ્વિધતે પરમ ।**
**ન હિ તીવ્રતરં પાપમનૃતાદિહ વિધતે ॥**

ઉપરોક્ત શ્લોક આદિપર્વમાંથી લેવામાં આવેલ છે.

સત્ય સમાન કોઈ બીજો ધર્મ નથી, સત્યથી કંઈ ચડિયાતું નથી અને અસત્યથી વધારે તીવ્ર કોઈ પાપ આ લોકમાં નથી.

માત્ર બોલવામાં સત્ય નહીં પણ જીવનમાં પગલે પગલે આચાર-વિચારમાં પણ ‘સત્ય’ ખૂબ જ મહત્ત્વનું છે. સત્યનું આચરણ એટલે નિષ્ઠપૂર્વક કર્તવ્ય અને વફાદારી.

સત્ય જ તમામ ધર્મો - સંપ્રદાયો - પંથોનું મૂળ છે.

### સુવિચાર

- ચિંતન સંપ્રદાય વચ્ચે ગાંઠ ઊભી ન કરે, પણ મુક્ત કરે, વિશાળ બનાવે, ઉદાર બનાવે, ઉન્નત બનવામાં ઉદ્દીપક બને તો જ સાર્થક, નહીંતર કોઈ અર્થ નથી - **ડો. સર્વેશ વોરા**
- પશુ સહજ ગણતરીને આધારે જ જયાં નિર્ણયો લેવાતા હોય ત્યાં હાલત ધોબીના કૂતરા જેવી જ રહેવાની, નહીં ધાર્મિક, નહીં ભૌતિક, નહીં સાંસ્કૃતિક. - **મનનયાત્રા**
- ગરીબ એના ગામના બજારમાં પણ અજાણ્યો રહે,
  જયારે દૂર વસતા ધનિકને બધાં જાણે - **ચીની કહેવત**
- ‘મોટોનો મંદવાડ’ અને ‘ગરીબનો ગુનો’ તરત જાહેર થઈ જાય છે - **બોધિ વૃક્ષ**
- હાથી મુશ્કેલીમાં હોય તો દેડકો પણ તેને લાત મારી જાય છે - **યોશિકારા**
- તમન્નાઓને ‘પાંખ’ હોય છે, ‘આંખ’ નહિં - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : અધેડાનાં પાનનો રસ એક ટીપું મધમાં મેળવી બાળકને ચટાડવાથી બાળકને ઝાડામાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સભાગૃહમાં સંગીતનો કાર્યક્રમ જામ્યો હતો. વાદ્યવૃંદ સાથે ગાયક-ગાયિકાઓ મધુર સ્વરમાં સુંદર ગીતો ગાઈ રહ્યા હતા. એક શાસ્ત્રીય ગીતનો હજી તો આલાપ શરૂ થયો ત્યાં એક દંપત્તિનું ચાર વર્ષનું બાળક મોટેથી રડવા લાગ્યું. શ્રોતાજનો ક્ષુબ્ધ થઈ ગયા. અને ગાયક કલાકારે પોતાનો આલાપ અટકાવી દીધો. સભાગૃહમાં બાળકના રુદન સિવાય બીજું કંઈક જ સંભળાતું નહોતું. બાળકની માતા છોભીલા બનીને ઝડપથી ગૃહની બહાર નીકળી ગયા. અને ફરી ગીત શરુ થયું. થોડીક વાર પછી એકબીજી ગાયિકાએ મધુર સ્વરમાં પોતાનું ગીત શરૂ કર્યું. શ્રોતાજનોએ આ ગાયિકાનું ગીત શરુઆતથી જ તાળીઓથી વધાવી લીધું હતું. અડધું ગીત થયું ત્યારે ફરીથી કોઈ બાળકના રુદનનો અવાજ શરું થયો. આ વખતે પણ માતા બાળકને લઈને ઝડપથી ગૃહ છોડી જવા લાગી. ત્યારે ગાયિકા પોતાનું ગીત અડધું અટકાવીને કહ્યું, ‘બહેન, તમે બહાર ન જશો, રડવું એ તો બાળકનો સ્વભાવ છે. હું પણ બે છોકરાની માં છું એટલે તમારી પરિસ્થિતિ સમજી શકું છું, પણ મુંઝાશો નહીં, આ બાળકને ઊંઘ આવતી હશે એટલે જ રડતું હશે. ચાલો હું એને માટે ખાસ હાલરડું રજૂ કરું છું.’ ગાયિકાએ જે હલકમાં આરોહ અવરોધ સાથે હાલરડું રજૂ કર્યું. તેથી બાળક સૂઈ ગયું અને શ્રોતાઓ મંત્રમુગ્ધ બની ગયા.

# ભાજપમાં ભડકો : નવાજૂનીનાં એંધાણ

**તંત્રીસ્થાનેથી...**

સાવલીના લોકપ્રિય ધારાસભ્ય ઈનામદારનું રાજીનામું શાસક પક્ષમાં ધૂંધવાઈ રહેલા ભારેલા અગ્નિનું સૂચક છે. શિસ્તબદ્ધ ગણાતી અને મોદી-શાહની ધાકમાં રહ્યા કરતી પાર્ટીમાં આ પહેલી જ ઘટના છે કે જયારે પાર્ટીના નિશાન પર ચૂંટાયેલ ધારાસભ્યો કંટાળીને ધારાસભ્ય પદેથી રાજીનામું આપી દેવાનું પગલું ભર્યું છે. રાજીનામું આપતાં એમણે પોતાના વિસ્તારનાં કામો અંગે રજૂઆત કરવા છતાં અધિકારીઓ કે મંત્રીઓ સાનુકૂળ વલણ નહીં અપનાવતા હોવાનું કારણ રજૂ કર્યું છે. દેખીતી રીતે જ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓનું માન ન સચવાય તો વિદ્રોહનાં બીજ વવાય જ. ઈનામદાર માત્ર ભાજપના નિશાન કે મોદીના નામ પર નહોતા ચૂંટાયા. અગાઉ અપક્ષ ઉમેદવાર તરીકે પણ તેઓ સાવલી વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. એથી તેઓને ચૂંટાવા માટે કમળના નિશાનની જરૂર નથી - એટલી ખાતરી સાથે તેઓ બળવો કરી રહ્યા લાગે છે. આવા લોકપ્રિય આગેવાનને પોતાના પક્ષમાં ખેંચી લેવા કોંગ્રેસ પણ તલપાપડ થઈ રહી હોય તે સમજી શકાય એમ છે. પ્રશ્ન એ રહેશે કે જો શાસક પાર્ટીના ધારાસભ્ય હોવા છતાં અધિકારીઓ અને મંત્રીઓ એમનું માન ન સાચવતા હોય તો અપક્ષ કે કોંગ્રેસના નિશાન પર ચૂંટાયા પછી કોણ સાચવશે ? મતલબ કે ચૂંટાયેલા સત્તાધારી પક્ષના ધારાસભ્યે આ જાણી જોઈને જોખમ તો વહોર્યું જ છે. કેટલી અકળામણ અનુભવી હશે ત્યારે એમણે આવું પગલું લીધું હશે ! હવે પછી પક્ષના અન્ય ધારાસભ્યોમાં પણ આવું ઝનૂન પેદા ન થઈ જાય એની ખાતરી રાખવી પાર્ટી કે સરકાર - બેઉએ સાવધ રહેવું પડશે. ડેમેજ કંટ્રોલ માટેના પ્રયાસો તો શરૂ થઈ જ ગયા હોય. કદાચ કેતન ઈમાનદારને મનાવી રાજીનામું પાછું ખેંચાવી લેવામાં પણ મોવડીમંડળને સફળતા સાંપડે. એમને કોઈ સારું નિગમ સોંપીને, મંત્રીમંડળમાં સમાવી લઈને કે એમનાં અંગત અથવા જાહેર હિતનાં કામો પતાવી આપી સરકાર એમનો આક્રોશ ઠંડો પાડી દે એમ પણ બને. અગાઉ સિનિયર ધારાસભ્ય યોગેશ પટેલને રાજયકક્ષાના મંત્રી તરીકે સમાવીને આ પ્રકારનો જ બળવો ઠારી દેવાયેલો છે. વાઘોડિયાના દબંગ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવનો શૂન્યાવકાશ જોતાં રાજેન્દ્ર ત્રિવેદીને સ્પીકર બનાવી એ ખોટ પૂરવાનો પ્રયાસ કરાયો હતો. સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતને ભાજપ પાર્ટી તથા સરકાર - ઉભય સ્તરે વધુ પ્રતિનિધિત્વ આપતાં હોવાની છાપ દૃઢીભૂત થતાં સ્વાભાવિક રીતે જ એક સમયની ‘વડોદરા રાજય’ ની રાજધાની એવી સયાજીનગરીમાં શાસક પક્ષ પ્રત્યે અસંતોષ રહે છે. જો કે એ જ વડોદરાએ નરેન્દ્ર મોદીને લોકસભામાં ચૂંટીને મોકલ્યા હતા, જે બેઠક વારાણસીની બેઠક જાળવી રાખવા માટે એમને છોડી દીધી હતી. કેતન ઈમાનદારની બેઠક સાવલી એ વડોદરા શહેરને અડીને આવેલી બેઠક છે. ત્યાંથી શરૂ થયેલો ધૂંધવાટ અન્ય વિસ્તારોમાં પ્રસરશે તો ભાજપ માટે જરૂર વળતાં પાણીની શરુઆત થઈ શકે. પ્રદેશ પ્રમુખ વાઘાણી અને મુખ્યમંત્રી રૂપાણી - બેઉ માટે ઈમાનદાર જોખમ ઊભું કરી રહ્યા છે!

# સરસ્વતીના પ્રાગટ્યની તિથિ

અમર વારસો
ડો. રશ્મિકાન્ત મહેતા



એ સમયે વિશ્વરુપ કલ્પ ચાલુ હતું, તિથિ મહાસુદ પાંચમની હતી.

ભગવાન વિષ્ણુનો આદેશ હતો; એટલે પ્રજાપિતા બ્રહ્માએ સચર અને અચર સૃષ્ટિનું નિર્માણ કર્યું. ત્યાર પછીની સ્થિતિ કેવી છે, એ જોવા એ જાતે આવ્યા. ‘એમણે જોયું : બધે ઉદાસીનતા છવાયેલી છે. નિઃશબ્દતા પથરાયેલી છે, બધું સૂમસામ છે.’



એને થયું - ‘કોઈક ઉપાય કરવો જોઈએ.’ વનસ્પતિની લીલીછમ હરિયાળી પથરાયેલી હતી. એમને એમના જમણા હાથે પોતાના કમંડળમાંથી પવિત્ર જળ લીધું અને આ વનશ્રી ઉપર છંટકાવ કર્યો. ત્યાં ચમત્કાર થયો!

તરત જ એ સ્થળે દેવી પ્રગટ્યા. દિવ્ય સ્વરુપ - શ્વેત કમળ ઉપર બિરાજમાન, ગૌર વર્ણ, શ્વેત વસ્ત્રો, બે હાથમાં વીણા, એક હાથમાં પુસ્તક, એક હાથમાં સ્ફટિકની માળા, બધા દેવો પ્રસન્ન થયા, દેવીને પ્રણામ કર્યા. બ્રહ્માએ જે ઊણપ જોઈ હતી; તે દૂર કરવા દવીને આદેશ આપ્યો. એમની કૃપા વરસવા લાગી. સૌ પ્રથમ વાણી આપી અને પછી વિદ્યા. હવે સજીવ સૃષ્ટિમાં વાણી સંચરિત થઈ. વિદ્યા, સંગીત વગેરે કલા, જ્ઞાન-વિજ્ઞાન - બધું પ્રસરવા લાગ્યું. હવે ઉદાસીનતા ન રહી, નિઃશબ્દતા ન રહી, રહી માત્ર પ્રસન્નતા. હવે બ્રહ્માએ ઊણપ જોઈ હતી; એ દૂર થઈ ગઈ.

દેવીને વાહન તરીકે હંસ છે. એ સારાસારના વિવેકનું પ્રતીક છે. એના વાહન તરીકે મયૂર પણ છે. એ સૌંદર્યનું અને કલાઓનું પ્રતીક છે. એની કૃપાથી વ્યવહારમાં વિવેક જળવાય અને કોઈને કોઈ કલાનો વિકાસ થાય; વાણીમાં વિવેક અને સૌષ્ઠવ પ્રગટે.

એ બ્રહ્માના પુત્રી છે. એ રીતે એ સંગીત અને બુદ્ધિમતાના અધિકારી દેવર્ષિ નારદના બહેન થાય. કોઈક વાર દીકરી થતી માતા ઓળખાય. દેવીને એટલી પ્રસિદ્ધિ મળી કે એની માતા બ્રહ્માણી સરસ્વતીથી ઓળખાયા.

એ તો જગદ્વ્યાપિણી થયા. ચીનમાં એ નીલ સરસ્વતી તરીકે અને તિબેટમાં વીણા સરસ્વતી તરીકે પ્રસિદ્ધ થયા.એ રીતે પૂજાવા લાગ્યા.

જૈન મતમાં એ વિવેકના અધિષ્ઠાત્રી થયા. બૌદ્ધ મતમાં વાગીશ્વરી. બૌદ્ધમતમાં એમનું વાહન સિંહ છે, સિંહ પરાક્રમનું અને સભ્યતાનું પ્રતિક છે. એની કૃપાથી આ બંને પ્રાપ્ત થાય છે - પરાક્રમ અને સભ્યતા.

દેવી સરસ્વતીએ નવ સખીઓ છે - સત્ત્વ લક્ષ્મી, વીર લક્ષ્મી, ધનલક્ષ્મી, ધાન્યલક્ષ્મી, રાજલક્ષ્મી, મોક્ષલક્ષ્મી, વિદ્યાલક્ષ્મી, ધૈર્ય લક્ષ્મી અને સૌભાગ્યલક્ષ્મી. સીધો અર્થ એટલો જ - દેવી સરસ્વતીની કૃપા હોય તો બધું જ મળે. સત્તા, વીરતા, ધન, ધાન્ય, રાજય, મોક્ષ, વિદ્યા, ધૈર્ય અને સૌભાગ્ય.

મધ્યકાલીન ભક્તિ સાહિત્યમાં એક સ્વરુપ છે - ચાલીસા.

જે રીતે હનુમાન ચાલીસા છે, તેની જેમ સરસ્વતી ચાલીસા છે. અહીં એમાંથી કેટલીક ચોપાઈ આપી છે :

**માતા સરસ્વતી વીણે વાલી,**
**યોગમોક્ષવાલી દોનોં કી તાલી**
**નામ તેરેકી ઊંચી શાન,**
**મૂઝકો દે સંસ્કૃત કા જ્ઞાન.**
**હરિ સમાન હર ઘટમેં રહતી,**
**પ્રેમ પુષ્પમેં પૂજન ચહતી**
**મંગલભુવન અમંગળ હરણ,**
**આનંદસાગર ભવભયહરણ**
**ચાલીસા યહ જો જન ગાવે,**
**સો જન વચનસિદ્ધિ કો પાવે.**

# જાણીતું પ્રાચીન અવશેષોનું સ્થળ ધોળાવીરા કયાં જિલ્લામાં આવેલું છે?

ખજાનો
અનિલ પટેલ



## ગુજરાતનો ઈતિહાસ

૧ ગાંધીજીએ સૌ પ્રથમ આશ્રમ કયા સ્થળે સ્થાપ્યો ?
(અ) કોબા **(બ) કોચરબ**
(ક) સાબરમતી (ડ) રાયપુર

૨ કયો મુગલ રાજા ગુજરાતના અકબર તરીકે ઓળખાય છે ?
**(અ) મહંમદ બેગડો** (બ) શાહજહાં
(ક) જહાંગીર (ડ) હુમાયું

૩ જાણીતું પ્રાચીન અવશેષોનું સ્થળ ધોળાવીરા કયાં જિલ્લામાં આવેલું છે ?
(અ) અમદાવાદ (બ) રાજકોટ
(ક) વડોદરા **(ડ) કચ્છ**

૪ ચાંપો બાણાવાળી કોના પ્રધાન હતા ?
**(અ) વનરાજ ચાવડા** (બ) સિદ્ધરાજ જયસિંહ
(ક) મૂળરાજ સિંહ (ડ) કરણદેવ વાઘેલા

૫ ગુજરાતમાં સ્વતંત્ર મુસ્લિમ સત્તાની સ્થાપના કોણે કરી ?
(અ) મહંમદ બેગડાએ **(બ) અહમદ શાહે**
(ક) મહમદ ગઝનીએ (ડ) અકબરે

૬ ‘આરઝી હકૂમત’નું સંચાલન કયાંથી કરવામાં આવ્યું હતું ?
(અ) વડોદરા (બ) સુરત
**(ક) રાજકોટ** (ડ) અમદાવાદ

૭ ‘રા’ખેંગાર’ કયાંના રાજા હતા કે જેમનું સિદ્ધરાજ સાથે યુદ્ધ થયું હતું ?
(અ) ભાવનગર **(બ) જૂનાગઢ**
(ક) મોરબી (ડ) જામનગર

૮ ગુજરાતમાં સૌ પ્રથમ રેડિયો પ્રસારણ કયાં થયું હતું ?
(અ) અમદાવાદ (બ) સુરત
(ક) રાજકોટ **(ડ) વડોદરા**

૯ સ્વામી દયાનંદ સરસ્વતીનું જન્મ સ્થળ કયું શહેર છે ?
(અ) તળાજા **(બ) ટંકારા**
(ક) જેતલપુર (ડ) ડાકોર

૧૦ ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ કોણ હતા ?
**(અ) શ્રીમદ રાજચંદ્ર** (બ) ટોલસ્ટોય
(ક) રસ્કીન (ડ) બાળગંગાધર તિલક

૧૧ ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કયારે થઈ હતી ?
(અ) ઈ.સ. ૧૯૧૮ **(બ) ઈ.સ. ૧૯૨૦**
(ક) ઈ.સ. ૧૯૨૮ (ડ) ઈ.સ. ૧૯૩૦

૧૨ ગુજરાતમાં પારસીઓ કોના શાસનકાળમાં આવ્યા હતા ?
**(અ) ચાવડા વંશ** (બ) વાઘેલા વંશ
(ક) સોલંકી વંશ (ડ) મરાઠા શાસન

૧૩ ગાંધીજીએ સૌ પ્રથમ ગુજરાતમાં કોના માટે ઉપવાસ કર્યા ?
(અ) શ્રમિકો માટે (બ) સફાઈ કામદારો માટે
**(ક) મિલમજૂરો માટે** (ડ) વેપારીઓ માટે

૧૪ ગાંધીજીએ ‘સત્યના પ્રયોગો’ કયાં લખ્યું હતું ?
(અ) સાબરમતી જેલમાં (બ) તિહાડ જેલમાં
**(ક) યરવડા જેલમાં** (ડ) પુને જેલમાં

૧૫ મહાગુજરાત આંદોલનની શરુઆત કયારે થઈ હતી ?
(અ) ઈ.સ. ૧૯૫૪ **(બ) ઈ.સ.૧૯૫૬**
(ક) ઈ.સ. ૧૯૫૮ (ડ) ઈ.સ. ૧૯૬૦

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૨૪ જાન્યુઆરી : રાષ્ટ્રીય બાલિકા દિવસ**
  - ભારતના અણુવૈજ્ઞાનિક ડૉ. હોમી. જે. ભાભાનું વિમાન અકસ્માતમાં અવસાન (૧૯૬૬)
  - દુર્ગાશંકર કે. શાસ્ત્રીની જન્મજયંતિ (૧૮૮૨)
  - જાણીતા સાહિત્યકાર પ્રિયકાન્ત મણીયારનો જન્મદિવસ (૧૯૨૭)
  - ફિલ્મ પ્રોડ્યુસર સુભાષઘાઈનો જન્મદિવસ (૧૯૪૫)
- **૨૫ જાન્યુઆરી : રાષ્ટ્રીય મતદાન દિવસ / આંતરરાષ્ટ્રીય સમાકર દિવસ**
  - સૌરાષ્ટ્રના સ્વામી આનંદ (હિંમતલાલ દવે)નું નિધન (૧૯૮૩)
  - વિનોબા ભાવેને નિધનોત્તર ભારતરત્ન એવોર્ડ અપાયો (૧૯૮૩)
  - સાહિત્યકાર રમણલાલ સોનીનો જન્મદિવસ (૧૯૦૮)
  - આંતરરાષ્ટ્રીય ઉત્પાદન દિવસ / ભારત પર્યટન દિવસ
- **૨૬ જાન્યુઆરી : પ્રજાસત્તાક દિન / ભારતીય રાષ્ટ્રીય બંધારણનો અમલ દિવસ**
  - શીતળાની રસીના શોધક એડવર્ડ જેનરનું અવસાન થયું (૧૮૨૩)
  - ભોગીલાલ ગાંધીની જન્મજયંતિ (૧૯૧૧)
  - ગુજરાતમાં આવેલ વિનાશક ભૂકંપ જેમાં ૨૦૦૦ લોકોના મોત થયા (૨૦૦૧)
  - ભારતને પૂર્ણ સ્વરાજ આપો નો નારો આપવામાં આવ્યો (૧૯૩૦)
- **૨૭ જાન્યુઆરી :**
  - પ્લેગના દર્દીઓની સેવા કરનાર સુવર્ણ ચંદ્રક વિજેતા કૃષ્ણલાલ ત્રિવેદનું નિધન (૧૯૫૦)
  - સશસ્ત્ર ક્રાંતિ સફળ બનાવવા અનેક દેશો સુધી પહોંચેલા ક્રાંતિકારી માનવેન્દ્રનાથનું નિધન (૧૯૫૪)
  - મુનિ જિનવિજયની જન્મજયંતિ (૧૯૮૮)
  - બ્રિટનના લૂઈ કેરોલની જન્મજયંતિ (૧૮૩૨)
- **૨૮ જાન્યુઆરી :**
  - વિવેચક સંપાદક જયંત કોઠારીનો જન્મદિવસ (૧૯૩૦)
  - શાસ્ત્રીય ગાયક પદ્મવિભૂષણ પંડિત જશરાજનો જન્મદિવસ (૧૯૩૦)
  - સાહિત્યકાર રાજેન્દ્ર શાહની જન્મજયંતિ (૧૯૧૩)
  - ઓટ્ટોહોન નામના વૈજ્ઞાનિકે પરમાણું વિભાજનની શોધ કરી (૧૯૩૯)
- **૨૯ જાન્યુઆરી :**
  - ભારતીય કલા અને સંસ્કૃતિના સક્રિય પુરસ્કર્યા સર વિલિયમ રાઘેન્સ્ટાઈનનો જન્મદિવસ (૧૮૭૨)
  - ફ્રાન્સના રોમેરોલાંનો જન્મદિવસ (૧૮૬૬)
  - ઓલિમ્પિકમાં ડબલ ટ્રેપ શૂટિંગમાં ભારતનો સિલ્વર મેડલ અપાવનારા કર્નલ રાઠોડનો જન્મદિવસ (૧૯૭૦)
  - ૨૦૦૬ના વર્ષના પાકિસ્તાન સામેની ટેસ્ટ મેચમાં વડોદરાના બોલર ઈરફાને મેચની પહેલી ઓવરમાં હેટ્રીક નોંધાવી હતી. (૨૦૦૬)
- **૩૦ જાન્યુઆરી :**
  - ફ્રેન્કલીન ડી. રૂઝવેલ્ટની જન્મજયંતિ (૧૮૮૨)
  - કૃષ્ણ નિર્વાણ દિવસ
  - જર્મનીના રાષ્ટ્રપ્રમુખ પદે એડોલ્ફ હિટલરે શપત લીધા (૧૯૩૩)
  - ડિરેકટર પ્રોડ્યુસર પ્રિયદર્શનનો જન્મદિવસ (૧૯૫૭)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**દિલ્હી ભાજપ પ્રમુખ તરીકે હાલમાં કયા નેતા જવાબદારી વહન કરી રહ્યા છે ?**
**જવાબ : સતીષ ઉપાધ્યાય**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) મહેશ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૫) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬ (૬) શિવાંગ બી પટેલ : સરગાસણ (૭) રૂચિત પટેલ : ગાયત્રી રેસી, ધોળેશ્વર પાસે

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**૨૮મી ફેબ્રુઆરી ‘રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ’ કયા ભારતીય વૈજ્ઞાનિકની યાદમાં ઉજવાય છે ?**

**‘ગાંધીનગર સમાચાર’- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮ ગાંધીનગર**

# ઈતિશ્રી ‘હાં... ક... છી...’ પુરાણ !!

હળવે હૈયે
પ્રકાશ લાલા



‘એ... આવી... આવી... ઓહ ! ગઈ...’ આમ આવું આવું કરે ને પછી કદાચ નઈ પણ આવે એ શું ? નસકોરાં સિવાય નાક સાથે જોડાયેલી ચીજ છે... આ... યસ, ‘સહીં પકડા...’... આ ચીજ છે...‘છીંક...’ જે ખાદ્ય પદાર્થ ન હોવા છતાં ખાંસી - ઉધરસ, ગાળ, વઢ ખાધીની જેમ ખાધી કહેવાય છે તે છીંક...



નસકોરાંની જેમ એ ફક્ત ઊંઘમાં જ આવે એવું નથી હોતું... છીંક તો સૂતેલા - જાગેલા, હાલતાં-ચાલતાં, બેઠેલા, ઊભેલા, આળસુ - કામગરા, સાહેબ, ચપરાશી, શેઠ, મજૂર સૌ ખાતા હોય છે... ખાવી પડેલી હોય છે...

નસકોરાં જાતજાતના સાઈઝ, ટાઈપ ને સાઉન્ડમાં જોયા - સોરી સાંભળવા મળતાં હોય છે. એવું જ છીંકનું પણ કહી શકાય. કયારેક - કેટલાકની છીંક ખાનાર અને આસપાસને ધ્રૂજાવી દે તેવી - મોટા ફટાકડાના અવાજ જેવી ‘લાઉડ’ હોય તો ઘણાંની સુરસુરિયા જેવી... ઘણી છીંક તો ‘સાઈલન્ટ મોડ’ પર હોય છે. ખવાઈ જાય પણ બાજુવાળાને ખબર ન પડે! કેટલાકની ‘હાં... ક... છીં...’ એમ લાંબી ચાલતી સાંભળવા મળે તો ઘણાથી ટૂંકી-ટચ, ઝટ દઈને પતી જાય !!

અમે એક બસ પ્રવાસમાં હતા... રાત પડી ગઈ હતી... પહોંચવાનું સ્થળ હજી દૂર હતું. એટલે અમે સૌ પ્રવાસનો ઉંઘતા - જાગતા બેઠા હતા... ત્યાં ‘છીં... ઈ’ અવાજ આવ્યો... ડ્રાઈવરે ને શું થયું વિચારી બસ બ્રેક કરી.... કંડકટર કયું ટાયર પંચર થયું છે તે ચેક કરવા બસમાંથી નીચે ઉતરવા લાગ્યો.... અમને ચિંતા થઈને હવે ‘ડેસ્ટિનેશન’ પર પહોંચતાં વધુ વાર થવાની... ત્યાં પાછલી સીટમાં એક બહેન બોલ્યાં : ‘બસ ચલાવો.... કશું થયું નથી.... આ તો અમારા એમણે છીંક ખાધી....’ એટલે આ ભાઈ જેવા કોઈ કોઈ છીંક ખાતા જોરથી ‘છીં... ઈ...ઈ...’ એમ હવા છોડે કે જાણે પંચર પડ્યું કે ટાયર ફાટ્યું એમ ધ્રાસકો પડે...’

છીંક કયારેક એકલદોકલ આવતી હોય છે તો કયારે માતાએ જન્મ આપેલા જોડિયા બાળકની જેમ જોડીમાં એક સાથે બે વાર પણ આવી જાય છે... અરે, કોઈકને તો ‘સીંગલીયા’ છીંક ખાવાનું ફાવતું નથી હોતું, એ શ્રીમાન તો લાઈનસર પાંચ-છ-સાત છીંકો ખાય ત્યારે જ એમને સંતોષ થાય...

છીંક ને અપનુશન માનવામાં આવે છે... કોઈ સારા કામે નીકળ્યા હોઈએ ને કોઈએ છીંક ખાધી તો પત્યું... પણ હા, બે છીંક આવી જાય તો વાંધો નહીં - એને અપશુકન નથી ગણાતી... કેમ ? શા માટે ? એ સંશોધનનો વિષય ખરો.

શરદી થઈ હોય ત્યારે છીંક આવતી સામાન્ય વાત છે. પરંતુ કયારેક કયારેક છીંક તોફાને ચડે છે. નાકમાં સલબલાટ થાય, એટલે કે છીંક આવવાની છડી પોકારે... છીંક ખાવાનું સેન્સેશન થાય, નાકમાં ઈરિટેશન થાય... આપણે ખાઈ લેવા (છીંકને જ સ્તો!) તૈયાર થઈ જઈએ પણ ઝટ ન આવે.... અમદાવાદની પોળમાં પોળ, ગલીમાં ગલી, ગલી પાછી જાય શેરીમાં વળી ને એમાં અજાણી વ્યક્તિ ગોથાં ખાય એમ છીંક કયાંક અટવાઈ જાય તે આવે જ નહીં... નાક ચઢાવી, મોં ઉઘાડી આપણે ‘સેટેન્શન’માં આવી જઈ રાહ જોતા હોઈએ પણ એ ઝટ ન આવે... ત્યારે આપણી સ્થિતિ જોઈ કોઈ પરિવારજન કે જોડે હોય તે મિત્ર રૂમાલનો છેડો વળ ચઢાવી નાકમાં ‘સળી’ કરવાની સલાહ આપે ને ત્યાં જ છીંક ધસમસતી આવી જાય ને ‘હાં... ક... છી’ સાથે જ સલાહકારને ભીંજવી નાખે ત્યારે જોવા જેવું હોય છે....

શરીર વિજ્ઞાનના મતે છીંક નાકના રસ્તા સાફ કરવા માટેની કુદરતી પ્રક્રિયા છે... છીંક આવવાથી નાકમાં ભરાયેલ રજકણ, ધૂળ, ફૂલની પરાગ જેવો કચરો બહાર ફેંકાઈ જવાથી નાક સાફ થતું હોય છે... એટલે છીંક ખાવામાં, એક કે વધુ ખાવામાં કશું વાંધાજનક નથી... એ રોગની - બિમારીની પણ નિશાની નથી - પણ જાહેરમાં, કોઈ કાર્યક્રમ કે પ્રવચન પ્રસંગમાં એ દેખા દે - આવી જાય ત્યારે છીંક ખાનાર આસપાસના લોકોના ધ્યાન અને ચડતું કેન્દ્ર બની શકે છે... પણ તેથી કરીને છીંક દબાવી ન રાખવી એની મેડિકલ સાયન્સની સલાહ છે... હા, નાકને મસળી નાખી એને ટાળી પણ શકાય છે...

સૂકી ને કફવાળી ઉધરસની જેમ છીંક પણ બે પ્રકારની જોવા મળે છે. કોરી-સૂકી છીંકને નિર્દોષ છીંક કહી શકાય જયારે ઘણી છીંક અવાજ સાથે પ્રવાહીનો ફૂવારો ઉડાડનારી હોવાથી જોખમી ગણાય...

એક ભાઈને ફૂટપાથ પર આકાશ સામે મોં ઊંચું કરીને ઊભેલાં જોયા... આકાશમાં કંઈક જોવા જેવું છે માની રસ્તે જનાર બે-ચાર જણા એમની બાજુમાં ગોઠવાઈ જઈ ‘નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યું ?’ ગાતાં આકાશમાં નજર ચોંટાડી જોવા લાગ્યા.... ત્યાં તો એ ભાઈ ‘હાંક... છી’ કરતા જોરદાર છીંક ખાઈને, રૂમાલથી નાક લૂછતા લૂછતા ચાલવા માંડ્યા... ત્યારે બીજા ઊભેલાઓને સમજાયું કે ભાઈ તો નાકમાં અટવાઈ ગયેલી ને આવું આવું કરતી છીંકને ખાવા માટેના એક નુસખાનો પ્રયોગ કરતા ઊભેલા...

... હવે અમને ય નાકમાં સળવળાટ થવા લાગ્યો છે... છીંકનું સેન્શેન થઈ રહ્યું છે... માટે એ આવીને કાગળ ભીનો કરી મૂકે તે પહેલાં પ... તા...વું... ‘હાં... ક... છીં...’

**છમકારો :**
**નાકમાંથી લફરાં આવે એટલે કંઈ નાકને ‘લફરાં સદન’ન કહેવાય !!**